ગાંધીનગરમાં આકરો તાપ

ગાંધીનગર, તા.૧૧

મે માસની કાળઝાળ ગરમી પડી રહી હોય તેવો અનુભવ આજકાલ થઈ રહ્યો છે. તાપમાન ૩૭.૫ ડિ.સે. પહોંચતા આકરી ગરમી અનુભવાઈ હતી.

વરસાદ બંધ થયા બાદ ગરમીમાં ખુબ વધારો થયો છે. મહત્તમ તાપમાન વધતા ગરમી ખુબ લાગે છે. વળી આકરા તાપ અને સાથે જ બાફ વધતા ઘરની બહાર નીકળવું મુશ્કેલ બની ગયું છે. જાણે ઉનાળાની ઋતુ ફરી શરુ થઈ હોય તેવું લાગે છે. વહેલી સવારથી જ સૂર્યના આકરા કિરણો તોબા પોકારાવી દે છે. ઘરની બહાર નીકળો તો પરસેવાના રેલેરેલા ઉતરે છે. અંગ દઝાડતો તડકો હેરાન પરેશાન કરી રહ્યો છે. ભારે ગરમીની અસર જનજીવન પર પણ

પારો ૩૭.૫ ડિગ્રી

જોવા મળી રહી છે. બજારોમાં દિવસ દરમિયાન ખુબ ઓછી અવરજવર રહે છે. સૂર્યાસ્ત બાદ જ બજારોમાં થોડી ઘણી ભીડ જોવા મળે છે. આખો દિવસ પંખા અને એ.સી. ચલાવવા પડે તેવી સ્થિતિ છે. સરકારી કચેરીઓમાં પણ આખો દિવસ ફુલ સ્પીડે પંખા અને એસી ચાલે છે. ઠંડા પીણા અને આઈસક્રીમના વેચાણમાં પણ વધારો થયો છે. છેક મોડી રાત્રે સહેજ ઠંડક અનુભવાય છે. જયાં સુધી શિયાળાની ઋતુ શરુ નહીં થાય ત્યાં સુધી આવી જ આકરી ગરમી સહન કરવી પડશે. આજે મહત્તમ તાપમાન ૩૭.૫ ડિ.સે. અને લઘુતમ તાપમાન ૨૫.૫ ડિ.સે. રહ્યું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૫ ટકા અને સાંજે ૫૮ ટકા રહ્યું છે.

ગાંધીનગરના દ્રોણ ત્રિવેદીને સ્કાઉટ ગાઈડ ક્ષેત્રે રાષ્ટ્રપતિના હસ્તે એવોર્ડ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગરના દ્રોણ ભવનેશભાઈ ત્રિવેદીને સ્કાઉટ ક્ષેત્ર માટે રાષ્ટ્રપતિશ્રી પ્રણવ મુખરજીના હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો છે.

અગાઉ માઉન્ટ કાર્મેલ સ્કુલમાં અભ્યાસ કરતા અને હાલમાં ધો-૧૨

વિજ્ઞાન પ્રવાહમાં સેંટ ઝેવિયર્સમાં અભ્યાસ કરતા દ્રોણે રાષ્ટ્રપતિ પુરસ્કાર પરીક્ષા ઓકટોબર ૨૦૧૧માં પાસ કરી હતી. સમગ્ર ગુજરાતમાં ૧૯ સ્કાઉટ અને ૧ ગાઈડે આ પરીક્ષા પાસ કરી હતી. તેમાંથી ૪ સ્કાઉટ તેમજ ૧ ગાઈડની ગુજરાત સ્કાઉટ ગાઈડ સંઘ દ્વારા પસંદગી કરવામાં આવી છે. આ તમામ સ્કાઉટ ગાઈડની હરીયાણાના ગુડપુરી ખાતે આવેલ નેશનલ ટ્રેનિંગ સેન્ટરમાં પુનઃ માર્ચીંગ અને એકટીવનેસ ટેસ્ટ લેવામાં આવી હતી. દ્રોણ ભવનેશભાઈ ત્રિવેદી (સ્કાઉટ વિભાગ) તેમજ ભાવનગરના ક્રુવા અજયભાઈ ભટ્ટ (ગાઈડ વિભાગ)ની પસંદગી ગુજરાતના પ્રતિનિધિત્વ માટે કરવામાં આવી હતી અને તેઓને રાષ્ટ્રપતિ શ્રી પ્રણવ મુખરજીના હસ્તે એવોર્ડ અર્પણ કરવામાં આવ્યો હતો. આ એવોર્ડ સમારંભ હાલમાં જ ૯મી સપ્ટેમ્બરના રોજ રાષ્ટ્રપતિભવન ખાતે યોજવામાં આવ્યો હતો.

ઘરઘાટીને બાંધી પોલીસે બેરહેમી માર્યો...!

એફઆઈઆર કે ઘરપકડ વગર ૪૮ કલાક પોલીસ સ્ટેશનમાં રખાયો : સે. ૨ના જે બંગલામાં કામ કરતો હતો ત્યાં થયેલી ચોરીની શંકા બંગલા માલીકે ઘરઘાટી પર કરી હતી

ગાંધીનગર, તા. ૧૧

મુખ્યમંત્રીના નિવાસસ્થાનને અડીને આવેલા બોરીજ ગામમાં રહેતા અને ઘરઘાટી તરીકે કામ કરતા એક દંપતીને ચોરીની શંકાને પગલે શનિવારે સાંજે પોલીસ સ્ટેશનમાં લાવવામાં આવ્યો હતો. સિનિ. હોસ્પિટલમાં દાખલ થયેલા ઘરઘાટીએ કર્યો છે. મામલો બહાર આવતા સમગ્ર ઘટનાની તપાસ ગાંધીનગર એસ.પી.એ ડી.વાય.એસ.પી. જાડેજાને સોંપી છે.

શહેરના વી.આઈ.પી. સેક્ટર-૨-સી ખાતે એક બંગલામાંથી થોડા

પી.આઈ. જે.એમ. ભરવાડે તેમના ત્રણ કોન્સ્ટેબલો સાથે મળીને ઘરઘાટી દંપતી પતિ-પત્નિને લાકડા સાથે બાંધી દીધા બાદ પત્નિની સામે જ પતિને બેરહેમીપૂર્વક પટ્ટે ને પટ્ટે મારી શોલ પાડી દીધા હતા. બે દિવસ કોઈ પણ કાગળ કર્યા વિના પોલીસ સ્ટેશનમાં રાખીને સોમવારે બપોરે છોડી દેવાયા હોવાનો આક્ષેપ ગાંધીનગર સિવિલ

જણાવ્યા પ્રમાણે શનિવારે સાંજે બંગલા માલીક તેમની ગાડી લઈને બોરીજ આવ્યા હતા અને તેમને ગાડીમાં બેસાડીને સે. ૭ પોલીસ સ્ટેશન મુકી ગયા હતા. લક્ષ્મણભાઈ અને તેમની પત્નિ સવિતાબેનને પી.આઈ. જે.એમ. ભરવાડે એક દિવસો અગાઉ ચોરી થવા પામી હતી. આ ચોરી પોતાના જ બંગલે કામ કરતા ઘરઘાટીએ કરી હોવાની શંકા બંગલા માલીકે પોલીસ સામે વ્યક્ત કરીને ચોરી અંગે અરજી આપી હતી. બોરીજ ગામમાં રહેતા ૩૫ વર્ષીય લક્ષ્મણભાઈ મેણાભાઈ વઢેરા અને તેની પત્નિ સવિતાબેન તે બંગલામાં કામ કરતા હતા. લક્ષ્મણભાઈના બાંકડા સાથે બાંધી દીધા હતા અને

● અનુસંધાન પાન-૭ પર

બંગલા માલીક જ લક્ષ્મણને પોતાની ગાડીમાં પોલીસ સ્ટેશન લઈ ગયો હતો...!

લક્ષ્મણના કહ્યા પ્રમાણે તે જે બંગલામાં કામ કરતો હતો તેનો માલીક મોટી જ ગાડી લઈને શનિવારે સાંજે તેના ઘરે બોરીજ ગયો હતો અને તેની જ ગાડીમાં બેસાડીને સે. ૭ પોલીસ સ્ટેશન લઈ ગયો હતો. ઓને-ઓન ચાલેલી આ તપાસમાં બંગલા માલીકની ભુમિકા તપાસ માંગી રહી છે.

ઘરઘાટી પતિ-પત્નિની પુછપરછમાં મહિલા પોલીસ કેમ ન રાખી?

પી.આઈ. ભરવાડે શકમંદ ઘરઘાટી દંપતીને બાંધીને પત્નિની સામે પતિને ઢોર માર માર્યો હતો. તો બીજી તરફ પત્નિને પણ લાકડા સાથે હાથ બાંધીને ઉભી કરી દેવાઈ હતી. આ વખતે પુછપરછ દરમ્યાન મહિલા શકમંદ હોવા છતાં પોલીસ સ્ટેશનમાં મહિલા પોલીસને હાજર કેમ રાખવામાં આવી ન હતી ? તે પણ તપાસનો વિષય છે.

ગૃહ વિભાગના સચિવ, ડી.જી.પી. અને ડી.એસ.પી.ને હાઈકોર્ટની નોટીસ

લક્ષ્મણ વઢેરા દ્વારા ગુજરાત હાઈકોર્ટમાં સે. ૭ની પોલીસ સ્ટેશનમાં તેમના પર આચરવામાં આવેલા અત્યાચાર બદલ રીટ અરજી દાખલ કરવામાં આવી છે. હાઈકોર્ટના ન્યાયમૂર્તિ એ.જે. દેસાઈ દ્વારા સરકારના ગૃહ વિભાગના સચિવ, રાજ્યના પોલીસ વડા અને ગાંધીનગર એસ.પી. તેમજ અત્યાચાર આચરનાર પી.આઈ. ભરવાડ વિરૂદ્ધ કારણદર્શક નોટીસ કાઢવામાં આવી છે.

સતત ૪૮ કલાક ઘરઘાટી દંપતિને કાયદેસર રીતે અટકાયતી તરીકે પોલીસ સ્ટેશનમાં ગોંધી રાખીને તેમના પર શારીરિક તેમજ માનસિક રીતે ત્રાસ અપાતા દંપતીએ દેશના બંધારણમાં આર્ટીકલ ૨૧ તથા ૨૨ ની જોગવાઈ તેમજ સુપ્રિમ કોર્ટના કસ્ટોડીયલ વાયોલન્સ ઉપરના ચુકાદા પર આધાર રાખીને પી.આઈ. ભરવાડ વિરૂદ્ધ ગુનો નોંધવા તથા થયેલી યાતના બદલ નુકશાન વળતરની માંગણી કરવામાં આવી છે. હાઈકોર્ટે રાજ્યના પોલીસ વડાને ડાયરેક્શન આપી છે કે ઘરઘાટી દંપતીને પ્રોટેક્શન આપવામાં આવે તેમજ બંને દંપતિને સિવિલમાં દાખલ હોવા છતાં દબાણ કરીને રજા અપાવી દેવામાં આવી હોવાથી મેડીકલ તપાસ કરીને ૧૮ સપ્ટેમ્બર સુધી તેનો અહેવાલ હાઈકોર્ટમાં રજુ કરવા ફરમાન કર્યુ છે. આ કેસમાં ઘરઘાટી દંપતી વતી ધારાશાસ્ત્રી જયંત પી. ભટ્ટ તથા જીત જયંત ભટ્ટ ઉપસ્થિત રહ્યા હતા.

સિવિલ હોસ્પિટલમાંથી પોલીસને વર્ધી કેમ ન ગઈ..?

ઘાયલ હાલતમાં ઘરઘાટી લક્ષ્મણ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લથડાતો-લથડાતો ડૉકટર પાસે પહોંચ્યો. ત્યાં સારવાર કરી રહેલા ડૉકટરે પુછ્યું કે શું થયું ? તો પી.આઈ.એ માર્યો તેવો જવાબ ઘરઘાટીએ આપતા ડૉકટરે એમ.એલ.સી. નં. ૪૪૪૦/૧૩ નોંધીને હોસ્પિટલના પોલીસ રૂમમાં જાણ કરી હતી. સોમવારે સાંજે ડ્યુટી કરી રહેલા પોલીસે પોતાના અધિકારી સામે આવેલી ફરીયાદની વર્ધી સે. ૭ પોલીસ સ્ટેશનમાં નોંધાવી જ ન હોવાનું બહાર આવ્યું છે. ઈરાદાપૂર્વક આ વર્ધી મોકલવામાં આવી નથી કે શું તેની તપાસ પણ આવશ્યક બની છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના બાળ ખેલાડી કથન કિન્નર ઝવેરી રોલબોલ સ્કેટીંગની રાષ્ટ્રીય સ્પર્ધામાં ગુજરાતની ટીમમાં પ્રતિનિધિત્વ કરશે. તે આજે પૂના જવા રવાના થયેલ છે.
- જિલ્લાના બદલી પામેલા અધિકારીઓને આગામી સપ્તાહે બદલીના સ્થળે જવા માટે છુટા કરવામાં આવશે.
- ગઈકાલે સે. ૨ ના રંગમંચ પર રજુ થયેલ માતૃ-પિતૃ નૃત્ય વંદનામાં એક યુવકે માતા તરીકેનો અદ્‌ભુત અભિનય આપ્યો હતો.
- ગાંધીનગર શહેરમાં ભક્તિનું ઘોડાપૂર આવ્યું છે. ભગવાન ગણેશના મંડપો, સેવાયજ્ઞોના મંડપો ભક્તજનોથી ઉભરાઈ રહ્યા છે.
- ગાંધીનગરની જિલ્લા કચેરીઓમાં જી-સ્વાનના ટેલિફોન કનેક્શનોની સેવાઓ કથળતાં અધિકારીઓ ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા છે.
- ગાંધીનગર શહેરમાં પ્રા. શાળાના શિક્ષકોની ઘટ તાકીદે પુરી કરવામાં આવશે તેવો પ્રત્યુત્તર કોંગ્રેસના આગેવાનોને મળતાં કોંગી આગેવાનોમાં ખુશીનો માહોલ છવાયો છે. કોંગી કાઉન્સીલરો હર્ષજીત પંડ્યા, જીતુ રાયકા, શૈલેન્દ્રસિંહ બિહોલા તથા અંકિત બારોટ, રાજદીપસિંહ ગોલ સહિતના આગેવાનોએ આ મુદ્દે આવેદન પત્ર આપ્યું હતું.
- ગાંધીનગર મહાનગરપાલિકાની સામાન્ય સભા ૨૦મીએ મળશે.
- ગરીબ કલ્યાણ મેળા, મંત્રીશ્રી દ્વારા સમીક્ષા બેઠકને લઈ અધિકારીઓ ઓફિસમાં રૂટીન કામકાજમાં ધ્યાન પણ આપી શકતા નથી.

વિદ્યાર્થિનીઓની નોટબુકમાં પંચાયતના સદસ્યોના ફોટા છપાતા વિવાદ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લામાં ધો. ૫ થી ૮ માં અભ્યાસ કરતી અનુ. જાતિ. અનુ. જનજાતિ તથા બક્ષીપંચની બાળાઓને વિતરણ કરાયેલ નોટબુકના પાછળના પાને સભ્યોના ફોટા મુકવામાં આવતાં પંચાયતમાં એક નવો વિવાદ ઉભો થવા પામ્યો છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ સામાજિક ન્યાય સમિતિની બેઠકમાં આ અંગે નિર્ણય લેવામાં આવ્યો હતો. દરેક બાળાને સરેરાશ ૩ થી ૪ નોટબુકો ફાળવવામાં આવી છે.

પંચાયતના ચુંટાયેલા સદસ્યોના ફોટા મુકવાના કરાયેલા આ નિર્ણયને લઈ વિવાદ ઉભો થવા પામ્યો છે. રૂ. ૧૩૦ની ડઝન નોટ ખરીદવામાં આવી છે. આ માટેનો ખર્ચ પંચાયતના સ્વભંડોળમાંથી કરવામાં આવ્યો છે. રૂ. ૧૦ લાખની ગ્રાન્ટ પણ બજેટમાં ફાળવવામાં આવી છે.

પંચાયતના સભ્યોના ફોટા છપાવવાને લઈ આ વિવાદ ઉભો થયો છે. જો કે આ વિવાદમાં તથ્ય નહિ હોવાનું પંચાયતના સૂત્રો કહી રહ્યા છે. સમિતિનો નિર્ણય છે અને સ્વભંડોળમાંથી ખર્ચ કરાયો છે તેમજ પંચાયતના સભ્યના નામની જાણકારી બાળકને મળે તે જરૂરી હોવાથી આ વિવાદ અસ્થાને હોવાનું આ સૂત્રો માની રહ્યા છે.

ગાંધીનગર જિલ્લામાં બક્ષીપંચની તેમજ અનુ. જાતિ અને અનુ. જનજાતિના બાળકોની સંખ્યા મોટી છે.

જોમ અને જુસ્સો - યુવાનોને વધુ સ્ફુર્તિથી સતત કાર્યરત રહેવા કડી કેમ્પસ ખાતે જાણીતા રેડિયો જોકી ધ્વનિને રસપ્રદ શૈલીમાં વાતો કરી ત્યારે વિદ્યાર્થીઓ મંત્રમુગ્ધ બની ગયા હતા. ધ્વનિને નાના ઉદાહરણો દ્વારા વિદ્યાર્થીઓ વચ્ચે સુંદર વાતો કરી હતી. **(તસવીર : દિપક જાની)**

પ્રેસ સર્કલ પાસે પત્નિ દ્વારા પતિની હત્યા

મોટાભાઈએ આપેલી પોલીસ ફરીયાદમાં પત્નિ જ શકમંદ : હત્યાનો ગુનો દાખલ : રાત્રે પડી જવાથી મૃત્યુ થયાનો પત્નિનો દાવો

ગાંધીનગર, તા. ૧૧

શહેરના ઘ-૭ સર્કલ (પ્રેસ સર્કલ) પાસે સ્થિત છાપરામાં રહેતા પરિણીત યુવાનને રાત્રે એક વાગ્યે માથાના ભાગે ઈજાગ્રસ્ત હાલતમાં હોસ્પિટલ લઈ જવામાં આવ્યો હતો. હાલત વધુ ગંભીર જણાતા ગાંધીનગરથી યુવાનને અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. જ્યાં વહેલી સવારે ૪ વાગે તેનું સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. મૃતક યુવાનના મોટાભાઈએ સે. ૨૧ પોલીસમથકમાં મૃતકની પત્નિ વિરૂદ્ધ શંકા દર્શાવીને ફરીયાદ આપતા સે. ૨૧ પોલીસે હત્યાનો ગુનો નોંધી ઉંડી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ મૃતકની પત્નિનો દાવો છે કે પડી જવાથી તેને માથામાં ઈજાઓ થઈ હતી. પોલીસે તટસ્થ તપાસ આરંભી છે.

ગાંધીનગરના પ્રેસ સર્કલ પાસેના છાપરામાં રહેતા ૪૦ વર્ષિય અભેસિંગ ભારૂભાઈ વાદી તેમના પરિવાર સાથે પાંચેક દિવસ પહેલા જ પંચમહાલ જિલ્લામાંથી મજુરી કરવા આવ્યા હતા. ગઈ રાત્રે ૧ વાગ્યાના અરસામાં અભેસિંગને માથાના ભાગે ગંભીર ઈજાઓ થયેલી હાલતમાં ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. હાલત નાજુક હોવાથી રાત્રે જ અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવેલા અભેસિંગનું સવારે ૪ વાગ્યે સારવાર દરમ્યાન મૃત્યુ નિપજ્યું હતું. આ સંદર્ભે મૃતકના મોટાભાઈ દેવાભાઈ વાદીએ સે. ૨૧ પોલીસમથકમાં ફરીયાદ આપી છે કે અભેસિંગને તેમની પત્નિ અરવિંદાબેને જ માથાના પાછળના ભાગે બોથડ પદાર્થ મારીને હત્યા કરી નાંખી છે. જેને આધારે સે. ૨૧ પોલીસે હત્યાનો ગુનો નોંધીને શકમંદ પત્નિની પુછપરછ માટે ચક્રો ગતિમાન કર્યા છે.

બેસણું

અમારા માતુશ્રી **ઈંદાબેન ડાયાલાલ પંડ્યા**નું ૭૪ વર્ષે તા. ૧૦/૯/૨૦૧૩ને મંગળવારના રોજ દેવલોક પામ્યા છે. **સદ્‌ગતનું બેસણું તા. ૧૩/૯/૨૦૧૩ને શુક્રવારના રોજ સાંજે ૪-૩૦થી ૬-૩૦ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

નિવાસસ્થાન : પ્લોટ નં. ૪૯૯/૧, સેકટર-૪/બી, ગાંધીનગર. ફોન : ૨૩૨૪૭૪૯૯, મો. : ૮૦૦૦૫૫૫૩૩૩

લિ.

સ્વા ભાનુશંકર વનમાળી પંડ્યા
સ્વ. પ્રભુલસાલ વનમાળી પંડ્યા
સ્વ. ડાયાલાલ વનમાળી પંડ્યા
તથા સમસ્ત પંડ્યા પરિવાર

હિતેષકુમાર ડાયાલાલ પંડ્યા
સીંધુબેન કૌશિકભાઈ વ્યાસ
આરતીબેન ધર્મેશભાઈ પંડ્યા
બીનાબેન રાજુભાઈ જોષી
શીલ્પાબેન પંડ્યા

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

હાર્દિક અભિનંદન

શ્રી અંકુર પઠાણ
(ઉસ્તાદ બિસમિલ્લાખાન યુવા પુરસ્કાર વિજેતા)

આપને ભારત સરકારના સંગીત નાટક અકાદમી દ્વારા દેશના યુવા કલાકારોને પ્રોત્સાહન આપવાની યોજના અન્વયે ઉત્સાદ બિસમિલ્લાખાન યુવા પુરસ્કાર પ્રાપ્ત કરવા બદલ હાર્દિક અભિનંદન પાઠવીએ છીએ. આપની ઉત્તરોત્તર પ્રગતિ થાય એવી અમારી શુભકામનાઓ પાઠવીએ છીએ.

ભાવિન એમ. પટેલ
પ્રમુખશ્રી, પનઘટ કલાવૃંદ, ગાંધીનગર

ગુજરાત સરકાર દ્વારા પરિવર્તન સંસ્થાના સંયુક્ત સહકાર દ્વારા આયોજીત
"ઉમ્મીદ"
નોકરી મેળવવાની ઉજ્જવળ તક
ગુજરાત સરકાર દ્વારા સર્ટીફિકેટ આપવામાં આવે છે

તાલીમના વિષયો

૧. આઈ.ટી.ઈ.એસ.	:	ડી.ટી.પી. અને ઈન્ટરનેટ
૨. રેટેલ	:	એકાઉન્ટને લગતી તાલીમ (ઘોરણ-૧૧પાસ)
૩. કોમ્પ્યુટર	:	કોમ્પ્યુટર હાર્ડવેર
૪. બ્યુટી કોર્ષ	:	બ્યુટીશન લગતી તાલીમ
૫. ઈંગ્લીશ	:	સ્પોકન ઈંગ્લીશ
૬. મોડ્યાર્ડ	:	મોડ્યાર્ડ રીપેરીંગ
૭. બી.એસ.સી.એ.	:	નર્સિંગને લગતી તાલીમ (નર્સિંગ આસીસ્ટન્ટ)
૮. સી.આર.એસ.	:	શોપીંગ મોલ, હોટ રૂમ, કસ્ટમર સર્વિસને લગતી તાલીમ
૯. બી.પી.ઓ.	:	કોલ સેન્ટરને લગતી તાલીમ
૧૦.હોસ્પિટાલીટી	:	હોટલ મેનેજમેન્ટ-હોટલને લગતી તાલીમ
૧૧.ફોટોગ્રાફી	:	વીડીયોગ્રાફી તથા ફોટોગ્રાફી લગતી કોર્ષ

૩ મહિનાનો કોર્ષ ફક્ત રૂ.૫૦૦/- ૩ મહિનાની ફ્રી કોમ્પ્યુટર (M.S.Office) ફ્રી શીખવાડવામાં આવશે

ઉમ્મીદ સેન્ટર ગાંધીનગર :
(૧) બ્લોક નં.૨૬/૪, 'સી' ટાઈપ,પોસ્ટ ઓફિસની પાસે, સેક્ટર-૬/ડી,ગાંધીનગર ફોન નં. : ૨૩૨૪૫૧૦૨, મો. ૬૫૫૮૫૬૦૧૫૫
(૨) સરકારી શાળા (છાપરવાળી નિશાળ), આર્યસમાજની સામે, ઈન્દિરાનગર, સેક્ટર-૧૪, ગાંધીનગર, મો.૬૬૨૪૧૩૫૬૬
એડમિશન મેળવવાનો સમય : સવારે ૧૦ થી સાંજે ૫ કલાકે

વણકર સમાજના લગ્નોત્સુક યુવક-યુવતિઓ માટે જીવનસાથી પરિચય સંમેલન યોજાશે

પ્રથમ જીવનસાથી પરિચય સંમેલનને ખૂબ સારી સફળતા મળતાં ગાંધીનગર વણકર મહિલા ઉત્કર્ષ સેવા સમાજ દ્વારા સમાજના લગ્નોત્સુક યુવક-યુવતીઓ માટે દ્વિતિય જીવનસાથી પરિચય સંમેલન ઓક્ટોબર-૨૦૧૩માં ગાંધીનગર ખાતે યોજાનાર છે. સંમેલનમાં ભાગ લેવા અંગેના ફોર્મ મેળવવા તેમજ પરત કરવા તથા અન્ય માહિતી માટે સંસ્થાના કાર્યાલય પ્લોટ નં. ૨૨૮/૨, સેક્ટર-૫/એ, ગાંધીનગર અથવા નીચેના પ્રતિનિધિઓનો સંપર્ક કરવા વિનંતી છે.

પ્રમુખ : રમીલાબેન કાન્તીભાઈ પરમાર
ફોન (૦૭૯) ૨૩૨૪૮૨૨૮, ૯૪૨૭૬ ૦૧૫૧૫

ભકુલાબેન પરમાર - ૯૯૯૮૦૦૪૪૬૮ **અનિતાબેન ચૌહાણ**-(૦૭૯) ૨૩૨૨૬૦૬૬
હર્ષાબેન સુતરીયા - ૯૬૮૭૧૨૯૩૩૦ **લક્ષ્મીબેન કોરિયા** - ૯૪૨૭૬૨૬૬૨૮
દક્ષાબેન મકવાણા - ૯૬૨૪૪૧૫૪૧૬ **રશ્મિકાબેન સોલંકી**-(૦૭૯) ૨૩૨૪૪૦૭૪
સુમુદબેન એન્જીનીયર - ૭૮૭૪૦૧૧૦૨૨ **હિનાબેન વણકર** - ૯૪૨૭૪૦૮૯૦૬
અલ્પાબેન પટણી - ૯૪૨૯૦૬૬૮૭૧ **શારદાબેન મકવાણા** - ૯૪૨૮૪૨૨૧૬૩

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District

VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૮૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com